PGVCL

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

રજી. અને કોર્પોરેટ ઓફીસ - "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન", લક્ષ્મીનગર, નાનામવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪
CIN : U40102GJ2003SGC042908 Website : www.pgvcl.com

## વિભાગીય કચેરી, નખત્રાણા

પાવર હાઉસ કમ્પાઉન્ડ, કોર્ટ સામે, નખત્રાણા (કચ્છ) ૩૭૦૬૧૫
ફોન નંબર - (૦૨૮૩૫) ૨૨૧૧૦૭, ફેક્ષ - (૦૨૮૩૫) ૨૨૧૧૦૫, ઈમેઈલ - eenaliya.pgvcl@gebmail.com

**ટેન્ડરની ઓનલાઈન ટેકનીકલ બીડ સાથે કોન્ટ્રાક્ટરે નીચેના દસ્તાવેજી પુરાવાઓની સ્વ-પ્રમાણિત સહી સિક્કા સાથેની ઓરીજીનલ પીડીએફ ફાઈલ સ્કેન કરેલી ફરજીયાત જોડવાની રહેશે.**

(૧) જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ.
(૨) એક વર્ષ કરતા વધુ જુનું ન હોય એવું અને ટેન્ડરની કુલ રકમના ઓછામાં ઓછી ૨૦% રકમનું કોઈપણ રાષ્ટ્રીયકૃત અથવાતો શેડ્યુઅલ બેંક દ્વારા આપવામાં આવેલ સોલવન્સી સર્ટીફીકેટ.
(૩) પાન કાર્ડ.
(૪) ચીફ ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેક્ટર - ગવર્નમેન્ટ ઓફ ગુજરાત દ્વારા ઈસ્યુ થયેલ ઈલેક્ટ્રીક કોન્ટ્રકટર લાઈસન્સ.
(૫) પી.એફ. રજીસ્ટ્રેશન અંગેનું સર્ટીફિકેટ.
(૬) સક્ષમ અધિકારી (કાર્યપાલક ઈજનેર કે તેથી ઉપરી અધિકારી દ્વારા આપવામાં આવેલું) અનુભવ સર્ટીફીકેટ.
(૭) પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલ વેન્ડર રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ.
(૮) કામદારોનો વીમો (વર્કમેન કોમ્પેનસેશન એક્ટ હેઠળ).
(૯) રૂ.૧૫,૦૦,૦૦૦/- નો મટેરીયલ વીમો.
(૧૦) સ્ટોરેજ (સ્ટોર) સરનામાં અંગેનું સોગંધનામું.
(૧૧) તાજેતરનું (છેલ્લું ભરેલ) ઈન્કમટેક્ષ રિટર્ન.
(૧૨) ટેન્ડર ડોક્યુમેન્ટમાં સહી કરનાર પ્રોપરાઈટર / ભાગીદાર / ડાયરેક્ટર નું આધાર કાર્ડ.
(૧૩) જો ટેન્ડર ભાગીદરી પેઢી કે પબ્લિક / પ્રાઈવેટ કંપની ના નામે ભરેલ હોય તો ભાગીદારી કરાર કે આર્ટીકલ / મેમોરેન્ડમ ઓફ એશોશિએશન.
(૧૪) ટેન્ડરમાં સહી કરવા માટે "પાવર ઓફ એટર્ની / ઓથોરીટી લેટર / ઓથોરાઈઝેશન લેટર" જો આપવામાં આવેલ હોય તો તેની નોટરાઈઝ ઓરીજીનલ નકલ.
(૧૫) ટેન્ડરની સ્કેન કરેલી પીડીએફ નકલ કે જેના તમામ એનેક્ષ્ચર ભરાયેલા હોવા જોઈએ અને દરેક પાના પર સિક્કા સાથે સહી કરેલી હોવી જોઈએ.
(૧૬) ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. ની રકમની **RTGS / NEFT** થી કરેલ ઓનલાઈન ચુકવણી અંગેની સ્લીપ.
(૧૭) ઉપર મુજબના તથા ટેન્ડર **SECTION – 1 ના મુદ્દા નંબર 2.2 માં દર્શાવેલ અને લાગુ પડતા તમામ દસ્તાવેજી આધાર પુરાવાઓ ફક્ત** ઓનલાઈન જોડવાના (અપલોડ કરવાના) રહેશે. ફિઝીકલી / ઓફલાઈન કોઈ દસ્તાવેજ મોકલવાના નથી. જો કોઈ કોન્ટ્રાક્ટર દ્વારા ફિઝીકલી / ઓફલાઈન દસ્તાવેજ પણ મોકલવામાં આવેલ હશે તો ફક્ત ઓનલાઈન જોડવા (અપલોડ કરવા) માં આવેલા દસ્તાવેજો જ માન્ય ગણવામાં આવશે.

- ✓ ઉપર મુજબના ઓનલાઈન જોડવામાં (અપલોડ કરવામાં) આવેલા તમામ દસ્તાવેજી પુરાવાઓ પીડીએફ ફોર્મેટમાં હોવા જોઈએ તથા પાસવર્ડથી સુરક્ષિત (પ્રોટેક્શન વાળા) ન હોવા જોઈએ.
- ✓ ઉપર જણાવ્યા પ્રમાણેના દસ્તાવેજી પુરાવાઓ ઓનલાઈન ટેકનીકલ બીડ સાથે સામેલ કરવામાં નહી આવે તો વધારાની કોઈ નોટીસ આપ્યા વિના ટેન્ડર રદ્ કરવામાં આવશે તથા આવા કોન્ટ્રાક્ટર પ્રાઈઝબીડ માટે ગેરલાયક ઠરશે.
- ✓ ટેન્ડરની ઓનલાઈન જોડેલી નકલમાં જો તમામ એનેક્ષ્ચર ભરેલ નહી હોય અને દરેક પાના પર સહી સિક્કા કરેલ નહી હોય તેવા ટેન્ડરની ટેકનીકલ બીડ રદ્ / અમાન્ય કરવામાં આવશે તથા આવા કોન્ટ્રાક્ટર પ્રાઈઝબીડ માટે ગેરલાયક ઠરશે.
- ✓ ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. ઓનલાઈન **RTGS / NEFT** દ્વારા જ સ્વીકારવામાં આવશે. (ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. ડીમાંડ ડ્રાફ્ટ / ચેક / બેંક ગેરેંટી કે કેશ થી સ્વીકારવામાં આવશે નહી.) બેંક ખાતાની વિગત નીચે મુજબ છે.

  એકાઉન્ટ હોલ્ડર : **PASCHIM GUJARAT VIJ COMPANY LIMITED**
  એકાઉન્ટ નંબર : **00000031000722038**
  આઈએફએસ કોડ : **SBIN0011005**

- ✓ કોન્ટ્રાક્ટર દ્વારા ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. ઓનલાઈન **RTGS / NEFT** દ્વારા ભરવામાં આવે ત્યારે રીમાર્કના ખાનામાં જે ટેન્ડર માટે ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી ભરો છો તેના ટેન્ડર નંબર તથા ઓનલાઈન ટેન્ડર આઈ.ડી. અચૂક લખવા જેથી આપે ક્યાં ટેન્ડર માટે આ રકમ ભરેલ છે તેનો ખ્યાલ આવી શકે.

- ✓ ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. ઓનલાઈન ભરેલ છે તેના આધાર તરીકેના રેફ્રન્સ નંબર / ટ્રાન્જેક્શન (UTR) નંબર ટેન્ડર સાથે ફરજીયાત રજુ કરવાના રહેશે, ઓનલાઈન પેમેન્ટ અંગેનો સ્ક્રીનશોટ ટેન્ડર ડોક્યુમેન્ટમાં અપલોડ કરવો.
- ✓ જે વ્યક્તિગત નામથી / ભાગીદરી પેઢીના નામથી કે પબ્લિક / પ્રાઈવેટ કંપની ના નામે ટેન્ડર ભરેલ હોય તે નામ થી જ અથવા તો તે વ્યક્તિના આધાર સાથે લીંક હોય તેવા મોબાઈલ નંબર પરથી જ ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. ઓનલાઈન ભરવાની રહેશે, અન્ય નામે ભરેલ ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. વાળા ટેન્ડર રદ્ કરવામાં આવશે.
- ✓ ટેન્ડરના **Tender Details : Table No.1** માં દર્શાવેલી ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય પહેલા કોન્ટ્રાક્ટર દ્વારા ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. ઓનલાઈન **RTGS / NEFT** દ્વારા ફરજીયાત ભરવામાં આવેલ હોવી જોઈએ. છેલ્લી તારીખ અને સમય બાદ ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. ઓનલાઈન ભરવામાં આવેલ હશે અથવા તો ઓનલાઈન ભરેલ હોય પરંતુ વ્યવહાર રદ્ (ટ્રાન્જેક્શન ફેઈલ) થયેલ હોય તેવા કોન્ટ્રાક્ટરની ટેકનીકલ બીડ, ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. ભરેલ નથી તેમ માની રદ્ / અમાન્ય કરવામાં આવશે.
- ✓ કોન્ટ્રાક્ટર દ્વારા ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. ઓનલાઈન **RTGS / NEFT** દ્વારા ભરવામાં આવે ત્યારે ખાસ કાળજી રાખીને તમામ વિગત ભરવી. ખોટ્ટા ખાતામાં રકમ ટ્રાન્સફર થઈ જવી, એકથી વધુ વાર વ્યવહાર (ટ્રાન્જેક્શન) થવું, વ્યવહાર રદ્ (ટ્રાન્જેક્શન ફેઈલ) થવું, ઈન્ટરનેટ ન હોવાના કારણે કે ધીમું હોવાના કારણે ઓનલાઈન વ્યવહાર (ટ્રાન્જેક્શન) ન થઈ શકવું વગેરે તમામ કારણો માટે કોન્ટ્રાક્ટર પોતે જવાબદાર રહેશે. પીજીવીસીએલની તેમાં કોઈ જવાબદારી રહેશે નહી.

મેં ઉપરોક્ત તમામ શરતો તથા ટેન્ડરની સંપૂર્ણ નકલ વાંચેલી છે. ટેન્ડરનો સંપૂર્ણ અભ્યાસ કરેલ છે તથા તેમાં લખેલી તમામ બાબતો વાંચીને સમજી છે અને હું આ તમામ શરતો સાથે સંમત થાઉં છું જે બદલ નીચે સહી કરી આપેલ છે.

કોન્ટ્રાક્ટર ની સહી તથા સિક્કો : તારીખ : સ્થળ :